ચોપાઇ- કરી લીળા પધારીયા લાલ, ગયા દેશપ્રદેશ મરાલ ।
પછી સત્સંગી સહુ મળી, જોઇ લીળા ગયા ઘેર વળી ॥૧॥
ફરે સંત કરે બહુ વાત, સંભારી લીલા રહે રળિયાત ।
કહે સંત મળી વાત જ્યારે, ત્યારે હરિનાં ચરિત્ર સંભારે ॥૨॥
કહે આપણાં ભાગ્ય અપાર, પ્રકટ મળ્યા પ્રાણ આધાર ।
જેને ઇચ્છે મોટા મુનિજન, તેનાં આપણે થાય દર્શન ॥૩॥
જેને ઇચ્છે અતિઘણું અજ, પ્રભુ ચરણની પામવા રજ ।
જેને ઇચ્છે અતિ ઘણું ઇશ, તે આપણે મળ્યા જગદીશ ॥૪॥
જેને ઇચ્છે છે શેષ સુરેશ, શશિ સૂર્ય શારદા ગણેશ ।
જેને ઇચ્છે છે ક્રોડ તેત્રિશ, જેને ઇચ્છે છે મોટા મુનીશ ॥૫॥
જેને ઇચ્છે છે રૂડા ઋષિરાય, તે મળ્યા આપણે અણઇચ્છાય ।
માટે આપણાં પુણ્ય અપાર, ભલે આવ્યો આ સમે અવતાર ॥૬॥
અતિ આપણાં ભાગ્ય અતોલ, ત્રિલોકે નહિ આપણી તોલ ।
ધન્ય અહો મોટું એ આશ્ચર્ય, એવું શું આપણું તપશ્ચર્ય ॥૭॥
આતો મહેર કરી છે મહારાજ, કરી કૃપા તે આપણે કાજ ।
એમ પરસ્પર કહે છે દાસ, એમ કરતાં વીત્યા પંચ માસ ॥૮॥
પછી પોતે પધારીયા હરિ, દાસને દયા દર્શનની કરી ।
પશ્ચિમ દેશથી પધાર્યા નાથ, સાંખ્યયોગી સખા લઇ સાથ ॥૯॥
ગુજરધર ચડોતર દેશ, ગામ સંજાયે કર્યો પ્રવેશ ।
પધાર્યા બામરોલી ગામ, જઇ ડભાણે કર્યો વિશ્રામ ॥૧૦॥
ત્યાંથી ચાલી ઉમરેઠ ગયા, તિયાં રાત્ય પોતે એક રહ્યા ।
વળતા વળી આવ્યા વરતાલ, તિયાં તેડાવ્યા મુનિ મરાલ ॥૧૧॥
દયા કરીને દિધાં દર્શન, પછી મુનિને પુછ્યું પ્રશન ।
કૃપાસાધ્ય ક્રિયાસાધ્ય વળી, કીયો પક્ષ માન્યો તમે મળી ॥૧૨॥

એ પ્રશ્ન પુછીએ છીએ અમે, જેમ જણાય તેમ કહેજ્યો તમે ।
તૈયે એક કહે કૃપા સાધ્ય હરિ, એક કહે ક્રિયા પણ ખરી ॥૧૩॥
એમ પરસ્પર ચર્ચા કરે, એકબીજામાં આશંકા ધરે ।
સુણી સંવાદ જનનો જીવન, કરે પડકારા થાય પ્રસન્ન ॥૧૪॥
દિન દો ચાર રહ્યા ત્યાં રાજ, પછી ડાકોરે ગયા મહારાજ ।
પછી ઉમરેઠે આવ્યા અલબેલ, ત્યાં વુઠો ઘન ઘણી ચાલી રેલ ॥૧૫॥
ફરી દિયે દરશન દાન, અતિ સોંઘા થયા ભગવાન ।
મોટા મુનિના ધ્યાનમાં નાવે, તે અણતેડે આંગણે આવે ॥૧૬॥
ફરી હરિ આવ્યા વરતાલ, ત્યાંથી ગયા જેતલપુર લાલ ।
તિયાંથી પછી સધાવિયા શ્યામ, આવ્યા કૃપાળુ કર્જિસણ ગામ ॥૧૭॥
તિયાં આવીને તેડાવ્યા જન, અતિરાજી છે દેવા દર્શન ।
આવ્યા સતસંગી ને સંત વળી, જીવનમુક્ત મુનિની મંડળી ॥૧૮॥
સ્પર્શી ચરણ બેઠા સનમુખ, જોઈ જીવન પામીયા સુખ ।
હેત સમેતે કરે હરિ વાત, સાંભળી સંત થાય રળીયાત ॥૧૯॥
કાજુ ગરબી ગવરાવે કીર્તન, દિવસ આખો દિયે દર્શન ।
જમે રમે સંત કરે કિલોલ, આપે અલબેલો સુખ અતોલ ॥૨૦॥
આસપાસ ગામે હરિજન, પધરાવે પોતાને ભુવન ।
ભોજન વ્યંજન હેતે કરાવી, જમાડે હરિને ભાવ લાવી ॥૨૧॥
પછી જમાડીયા સર્વે સંત, લિયે લાવ અલૌકિક અત્યંત ।
એમ કરતાં આવી અષ્ટમી, પુછ્યું નાનેભાયે ચરણે નમી ॥૨૨॥
મહારાજ આવ્યો ઉત્સવ દન, કરીએ ઉત્સવ જો હો પ્રસન્ન ।
પછી હરિએ હસી કરી વાત, કરો ઉત્સવ છીએ રળીયાત ॥૨૩॥
પછી હીંડોળો કરાવ્યો હેતે, બેઠા પ્રભુજી જનની પ્રીત્યે ।
મહારાજની પછી પૂજા કરી, લાવ્યા ચંદન ભાજન ભરી ॥૨૪॥
ચર્ચિ ચંદન કુંકુમે પાય, તે છાપ્યા જને હૃદિયામાંય ।
જે સ્પર્શિ થયો કાળી નિઃશંક, તે પદનો થયો ઉરમાં અંક ॥૨૫॥
જે પદરજે તરી ઋષિનાર, તે પદ લીધાં છાતિ મોઝાર ।

થયા જન મગન મન ઘણાં, કોઈ રીત્યની ન રહી મણા ॥૨૬॥
પછી સંતને શીખજ દીધી, એવી લીલા શ્રીમહારાજે કીધી ।
થયા જન સરવે મગન, શ્રાવણવદી અષ્ટમીને દન ॥૨૭॥
તેદિ લીલા કર્જિસણે કરી, હવે કહું જે કરીયું હરિ ।
પછી કાંઈક છાના તે રહ્યા, નાથ પછી નારદીપુર ગયા ॥૨૮॥
મેઉ ગામ લાંગણોજ આવ્યા, નિજજન મને ઘણું ભાવ્યા ।
પછી ત્યાંથી પ્રભુ પાછા વળ્યા, જેતલપુર જનને મળ્યા ॥૨૯॥
શ્વેત વસ્ત્ર અંગે શોભા ઘણી, કંઠે માળા પહેરી ફુલતણી ।
કરે કંકણ ફુલના કાજુ, તોરા ગજરા ફુલના બાજુ ॥૩૦॥
રેણિ સમે આવ્યા ભગવાન, દિધાં દાસને દર્શન દાન ।
દેઈ દર્શન ને વાત કરી, સાકાર રૂપ સમજાવા હરિ ॥૩૧॥
પછી જન કહે પધારો મહારાજ, કરો રસોઈ તે જમવા કાજ ।
ચાલ્યા સખા સંગે વનમાળી, કરતા ધુન્ય વજાડતા તાળી ॥૩૨॥
જન ઘેર જઈ જમ્યા જીવન, પછી બોલાવ્યા પાસે મુનિજન ।
સંકીર્ણ ઘર જન ન સમાય, થયા સઘન મળી મુનિરાય ॥૩૩॥
એમ ઉભા જમાડીયા જન, પિરસ્યું પોતે થઈ પ્રસન્ન ।
જેને જોઈ પડ્યો ભૂલો બ્રહ્મન, એમ જમાડ્યું જનનું અન્ન ॥૩૪॥
પછી ત્યાં થકી ચાલીયા નાથ, સખા સર્વે હતા હરિ સાથ ।
એકે આવી કરી છત્રછાંય, તે હરિને ન ગમ્યું મનમાંય ॥૩૫॥
ચાલે ચટકતા ચાલ્ય ગજગતિ, સ્વેદબિંદુએ શોભે ભાલ અતિ ।
આવી બેઠા આસોપાલવ છાંયે, નિર્ખિ નાથ હૈયે હર્ખ ન માયે ॥૩૬॥
પછી પૂજા કરવાને જન, પોત્યે હાથે ઉતાર્યા ચંદન ।
કરી પૂજા ને પહેરાવ્યા હાર, નખશિખ કર્યા ફુલ શણગાર ॥૩૭॥
ધૂપ દીપ ઉતારી આરતી, પછી કરી કરજોડી વિનતિ ।
વળતા નાવા ચાલીયા નાથ, સર્વે સખા નાહ્યા શ્યામસાથ ॥૩૮॥
પછી પધાર્યા હરિ પુરમાંય, મોટી વાત કરી એક ત્યાંય ।
કિયાં જન ને કિયાં ભગવન, એવું સમજી સંકોચાય જન ॥૩૯॥

માટે હરિશું કરવો સંબંધ, તાત ગુરુ સખા ભાઈબંધ ।
એમ કહી પછી ઉભા થયા, કરી મુનિને મળવાની દયા ॥૪૦॥
મળતાં મર્મ કરી હરિ હસ્યા, ભેટતાં જન ભૂલ્યા દેહદશા ।
એવી લીલા અલૌકિક કરી, પછી પંચાળે પધાર્યા હરિ ॥૪૧॥
પાંચાળ દેશમાં ગઢડું ગામ, તિયાં પધાર્યા સુંદરશ્યામ ।
આવી દાસને દીધાં દર્શન, નિર્ખિ નાથ થયાં સુખી જન ॥૪૨॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય
નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે શ્રીહરિચરિત્ર એ
નામે સડસઠ્યમું પ્રકરણમ્ ॥૬૭॥